# મોદીએ સાબર ડેરીના પ્રકલ્પો રાષ્ટ્રને અર્પણ કર્યા

**સાબર ડેરી ખાતે રૂપિયા ૬૦૦ કરોડના ખર્ચે બનનાર ૩૦ મેટ્રીક ટન પ્રતિદિનની કેપેસીટીના ચીઝ પ્લાન્ટનું ખાતમુહુર્ત અને ઈ-ભૂમિપૂજન : રાજ્યનું ડેરી માર્કેટ આજે ૧ લાખ કરોડ પર પહોંચ્યુ : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી**








ગાંધીનગર, તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું છે કે રાજ્ય-રાષ્ટ્રના વિકાસમાં ડેરી વ્યવસાયનું અનેરૂ મહત્વ છે. ગુજરાત સહકારીતા-સંસ્કારનું સમન્વનું શ્રેષ્ઠ પ્રતિક છે. ગુજરાત સહકારી પ્રવૃત્તિમાં અગ્રેસર રહ્યું છે. રાજ્યનું ડેરી માર્કેટ આજે ૧ લાખ કરોડ પર પહોંચ્યુ છે તે આવકારદાયક છે. સાથે સાથે ડેરી વ્યવસાયમાં મહિલાઓની ભાગીદારી વધી છે. તત્કાલિન સમયે દૂધ ભરાવવા નાંણા સીધા મહિલાઓને મળે તેવો નિર્ણય કર્યો હતો તેનો સીધો લાભ મહિલાઓને મળ્યો છે અને મહિલાઓનું સશક્તિકરણ વધ્યું છે એમ તેમણે ઉમેર્યું હતુ. આજે સાબરકાઠા જિલ્લાના ગઢોડા ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સાબર ડેરી પ્લાન્ટની નજીક રૂપિયા ૬૦૦ કરોડના ખર્ચે બનનાર ૩૦ મેટ્રીક ટન પ્રતિદિનની કેપેસીટીના ચીઝ પ્લાન્ટનું ખાતમુહુર્ત અને ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જ્યારે રૂપિયા ૧૨૫ કરોડના ખર્ચે નિર્મિત દૈનિક ૩ લાખ લીટર કેપેસીટીના અલ્ટ્રા હાઈ ટ્રીટમેન્ટ (UHT) ટેટ્રાપેક પ્લાન્ટનું લોકાર્પણ તેમજ રૂપિયા ૩૦૫ કરોડના ખર્ચે બનેલા દૈનિક ૧૨૦ ટન કેપેસિટીના પાવડર પ્લાન્ટનું લોકાર્પણ પણ વડાપ્રધાને કર્યું હતું. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાને સાબરકાઠાના ગઢોડામાં સાબર ડેરી સંકુલની મુલાકાત પણ લીધી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સાબર ડેરીના વિવિધ બહુહેતુક પ્લાન્ટ્સના લોકાર્પણ અને ખાતમહૂર્ત પ્રસંગે ખેડૂતો-પશુપાલકોને સંબોધન કરતા કહ્યું કે કરોડો રૂપિયાના પ્રોજેક્ટ આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી કાર્યાન્વિત થનારા પ્રકલ્પોના કારણે સાબર ડેરીની ક્ષમતા અનેક ગણી વધશે. એટલું જ નહી ડેરીનું સામર્થ્ય વધારવામાં ઉપયોગી થશે અને સાથે સાથે ડેરી સાથે સંકળાયેલા પશુપાલકોના જીવનમાં પ્રકાશ પથરાશે. ડેરીના સ્થાપક સ્વ. ભૂરાભાઈ પટેલે વર્ષો પહેલા સેવેલું સ્વપ્ન આજે લાખો ખેડૂતોના જીવનમાં બદલાવનો પથ બન્યો છે એમ તેમણે ઉમેર્યું હતું. વિકાસના પાયામાં કનેક્ટિવિટી અને માળખાગત સુવિધાઓની ભૂમિકાનો ઉલ્લેખ કરી મોદીએ કહ્યું કે સાબરકાંઠા અને આસપાસના વિસ્તારના કનેક્ટિવિટીનું વિસ્તૃત માળખું ઊભુ કરાયું છે અને તેને પગલે રોજગારી અને પ્રવાસન વધ્યા છે. ફોર લેન રોડ મારફતે શામળાજી દક્ષિણ ગુજરાત-મધ્ય ગુજરાત સાથે જોડાઈ જશે. હિંમતનગર-ખેડબ્રહ્મા બ્રોડગેજ રેલવે લાઈનનું કામ ઝડપી ચાલી રહ્યું છે. હિંમતનગરથી અંબાજી ફોર લેન રસ્તો મુસાફરી માટે વધુ ઉપયોગી બન્યો છે. તો ૧૩૦૦ કરોડના ખર્ચે અમદાવાદ શામળાજીનો ૬ માર્ગીય રસ્તો પણ વિકાસની ધરોહર બનશે એવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે દેશને 'સહકારથી સમૃદ્ધી'નો માર્ગ ચિંધનારા ગુજરાતની ધરા ઉપર દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સાબરકાંઠા-અરવલ્લીના પશુપાલકોની જીવાદોરી સમાન સાબરડેરીના રૂ. ૧૦૩૦ કરોડના વિવિધ પ્લાન્ટના લોકાર્પણ અને ખાતમુહૂર્ત એ દૂધની ધારા અવિરત વહેતી રાખવાના પ્રકલ્પો પુરવાર થનારા છે. આઝાદીના અમૃત પર્વે ગુજરાતને નવા ડેરી પ્લાન્ટસની ભેટ વડાપ્રધાનના વરદ હસ્તે મળી રહી હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીએ કહ્યું હતું કે વડાપ્રધાનના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે. ગુજરાતને ડબલ એન્જીન સરકારનો બેવડો લાભ વિકાસ રાહે તે જ રફતારથી આગળ વધવા માટે મળી રહ્યો છે. તેના પગલે ગુજરાતે સહકારી દૂધ ઉત્પાદન ક્ષેત્રથી માંડીને ઉદ્યોગ, વેપાર, ખેતી હરેક ક્ષેત્રે વિકાસના નવા પરિમાણો હાંસલ કર્યા છે એમ તેમણે ઉમેર્યું હતું.



## મોદીની સાબરકાંઠાની બોલીનો લહેકો સાંભળી સીએમ હસી પડ્યા

**સાબરકાંઠામાં આવીએ એટલે યાદ આવે, બસ સ્ટેશન પર હોઈએ, એટલે ખેડ.. ખેડ.. વડાલી.. ભીલોડા.. હેડો..હેડો..**

અરવલ્લી, તા.૨૮

સાબર ડેરીના વિસ્તાર અને ભૂમિપૂજન પ્રસંગે ઉપસ્થિત રહેલા વડાપ્રધાન મોદીએ આ અદ્યતન ટેક્નોલોજીથી ક્ષેત્રનો વિકાસ થશે તેવી વાત કરીને અહીંના પશુપાલનોના સામર્થનની પ્રશંસા કરી છે. વડાપ્રધાન મોદીએ ભૂરાભાઈ પટેલને યાદ કરીને તેમના કારણે થયેલી પ્રગતિની પ્રશંસા કરી હતી. વડાપ્રધાન મોદીએ સાબરકાંઠામાં પોતે પસાર કરેલા ભૂતકાળને યાદ કરીને કહ્યું કે આજે પણ બસ સ્ટેન્ડના એ અવાજો કાનમાં ગુંજી રહ્યા છે. તેમણે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા અને અરવલ્લી સહિતના વિસ્તારોનો પૂરજોશમાં વિકાસ થઈ રહ્યો હોવાની વાત પણ પોતાના ભાષણ દરમિયાન કરી છે. વડાપ્રધાન પોતાના ભાષણ દરમિયાન હિન્દી અને ગુજરાતી બન્ને ભાષાનો પ્રયોગ કર્યો હતો. આ દરમિયાન તેમણે સાબરકાંઠા સાથે જોડાયેલા પોતાના સંસ્મરણોને પણ યાદ કર્યા હતા. સાબરકાંઠામાં એવો કોઈ જ એવો ભાગ હશે કે જ્યાં મારું જવાનું ના થયું હોય, સાબરકાંઠામાં આવીએ એટલે યાદ આવે બધું, બસ સ્ટેશન પર ઉભા હોઈએ, એટલે ખેડ.. ખેડ.. વડાલી.. ભીલોડા.. હેડો..હેડો.. આ અવાજો સંભળાતા હોય છે, આજે પણ એ અવાજો કાનમાં ગૂંજવા લાગે છે. વડાપ્રધાને સ્થાનિક લહેકામાં કહેલી સાંબરકાંઠાની વાત સાંભળીને રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હસવું રોકી શક્યા નહોતા. તેઓ વડાપ્રધાનનો સાબરકાંઠા સાથેનો સંબંધ અને તેમની સ્થાનિક લહેકામાં કહેલી વાત સાંભળીને હસી પડ્યા હતા.

## આગામી ૧લી ઓગસ્ટથી રાજયભરમાં નારી વંદન ઉત્સવ ઉજવાશે

**"નારી વંદન ઉત્સવ" સપ્તાહ દરમિયાન જુદી જુદી થીમ આધારિત વિવિધ કાર્યક્રમોનું આયોજન**

ગાંધીનગર, તા.૨૮

મહિલા અને બાળ કલ્યાણ મંત્રી મનીષાબહેન વકીલે જણાવ્યુ છે કે, રાજ્ય સરકાર દ્વારા મહિલાઓના સશક્તિકરણ માટે અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આગામી તા.૧ થી ૭ ઓગષ્ટ-૨૦૨૨ દરમિયાન નારી સંરક્ષણ અને સન્માન માટે રાજયભરમાં "નારી વંદન ઉત્સવ"ની ઉજવણી કરવામાં આવશે. આ ઉત્સવની તૈયારી તથા વિભાગની વિવિધ યોજનાઓના અમલીકરણ સંદર્ભે આજ રોજ રાજયના તમામ જિલ્લાઓના મહિલા અને બાળ કલ્યાણ વિભાગના અધિકારીઓની સમિક્ષા બેઠક મંત્રીના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે યોજાઈ હતી.

આ ઉત્સવ અંગે માહિતી આપતા કહ્યું હતું કે, રાજયકક્ષાના "નારી વંદન ઉત્સવ" સપ્તાહ દરમિયાન તા. ૧ થી ૭ ઓગષ્ટ સુધી અનુક્રમે મહિલા સુરક્ષા દિવસ, બેટી બચાવો-બેટી પઢાવો દિવસ, મહિલા સ્વાવલંબન દિવસ, મહિલા નેતૃત્વ દિવસ, મહિલા કર્મયોગી દિવસ, મહિલા કલ્યાણ દિવસ તથા મહિલા અને બાળ આરોગ્ય દિવસ જેવી થીમ આધારિત ઉજવણી કરવામાં આવશે.

મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સચિવ કે. કે. નિરાલાએ રાજ્ય સરકારની મહિલાએ અને બાળ કલ્યાણની વિવિધ યોજનાઓની જિલ્લા કક્ષાએ થઈ રહેલા અમલીકરણની વિગતો આપી હતી. જેમાં અમલી ગંગા સ્વરૂપા આર્થિક સહાય, વ્હાલી દીકરી યોજના, વન સ્ટોપ સેન્ટરના બાંધકામ તથા નારી સંરક્ષણ ગૃહ મરામતની કામગીરી અંગે જિલલા અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ બેઠકમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત રાજયભરમાંથી આવેલી કુલ અરજીઓ પૈકી ૯૯.૫ ટકા અરજીઓની મંજૂરી સાથે ૧૨.૮૫ મહિલાઓને સહાય કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. આ સમીક્ષા બેઠકમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ કે. કે. નિરાલા તથા મહિલા અને બાળ વિકાસ વિભાગના મહિલા પાંખના નિયામક પુષ્પલતાએ ઉપસ્થિત રહી વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## ડૉ. જીવરાજ મહેતા હોસ્પિટલની મુલાકાતે આઈઆઈએમના વિદ્યાર્થીઓ



ગાંધીનગર, તા. ૨૮

ડૉ. જીવરાજ મહેતા સ્મારક હેલ્થ ફાઉન્ડેશન, બકેરી મેડિકલ રિચર્સ સેન્ટરની કામગીરી અને સ્ટ્રેટજી સમજવા માટે અમદાવાદની જાણીતી સંસ્થા આઈઆઈએમના પ્રોફેસર રવિચંદ્રની રાહબરી હેઠળ લગભગ ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ તાજેતરમાં ડૉ. જીવરાજ મહેતા હોસ્પિટલની મુલાકાત લઈ વિવિધ માહિતી મેળવી હતી.

આ દરમિયાન ડૉ. જીવરાજ મહેતા હોસ્પિટલના સીઈઓ ડૉ. મનેશ અગરવાલે વિદ્યાર્થીઓ સમક્ષ હોસ્પિટલના સ્ટ્રેટજી મેનેજમેન્ટ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી આ તમામ વિદ્યાર્થીનોને હોસ્પિટલને લગતા વિવિધ પ્રશ્નોની જાણકારી આપી હતી. આ ઉપરાંત સંસ્થાના ટ્રસ્ટી સુભાંગભાઈ પણ હાજર રહ્યા હતા.

**ઓલિમ્પિક્સ, કોમનવેલ્થ અને એશિયન ગેમ્સ માટે**

## રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ઈન્ડિયન ઓલિમ્પિક એસો. સાથે ભાગીદારી

**પેરિસમાં ઓલિમ્પિક ૨૦૨૪ રમતોત્સવમાં પહેલીવાર ઇન્ડિયા હાઉસની યજમાની કરવામાં આવશે : શ્રીમતી નીતા એમ. અંબાણીઃ "રમતગમતના વૈશ્વિક ફલક પર ભારત કેન્દ્રસ્થાન મેળવે એ આપણું સપનું છે"**

મુંબઈ, તા.૨૮

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) અને ઈન્ડિયન ઓલિમ્પિક એસોસીએશને (IOA) આજે ભારતીય એથ્લિટ્સના પ્રદર્શનને બહેતર બનાવવા, રાષ્ટ્રીય સ્તરના સ્પોર્ટ્સ ફેડરેશનોને મદદ પૂરી પાડવા અને ભવિષ્યમાં ઓલિમ્પિકસ રમતોત્સવની યજમાની કરવાની નેમ સાથે ભારતને રમત ગમતમાં વૈશ્વિક ફલક પર અદકેરું સ્થાન અપાવવા માટે લાંબા ગાળાની ભાગીદારીની જાહેરાત કરી છે. આ ભાગીદારી હેઠળ ઈંન-અનૈં છપેરિસ ખાતે વર્ષ ૨૦૨૪માં યોજાનારા ઓલિમ્પિક્સમાં પહેલીવાર ઈન્ડિયા હાઉસ તૈયાર કરશે.

IOAના મુખ્ય ભાગીદાર તરીકે RIL કોમનવેલ્થ ગેમ્સ, એશિયન ગેમ્સ અને ઓલિમ્પિક્સ ગેમ્સ સહિતની મહત્વની મલ્ટી-સ્પોર્ટ ઈવેન્ટ્સમાં ભારતીય એથ્લેટ્સને મદદ પૂરી પાડશે. ઉપરાંત, ઓલિમ્પિક હોસ્પિટાલિટી હાઉસએ રમતોની પરંપરા છે અને પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિકસમાં ભારતનું પ્રથમ ઓલિમ્પિક હાઉસ એ એક ઐતિહાસિક સીમાચિહ્ન બની રહેશે. ઘરથી દૂર આ ઘરની સ્થાપના કરવી અને વિશ્વ સ્તરની રમતગમતની ટોચની ઈવેન્ટમાં ભારતને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવું એ ઓલિમ્પિક ચળવળ પ્રત્યે RILની પ્રતિબદ્ધતાનું વધુ એક ઉદાહરણ છે.

IOCનાસભ્ય અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ડાયરેક્ટર શ્રીમતી નીતા એમ. અંબાણીએ જણાવ્યું કે, "ભારત વૈશ્વિક ક્ષેત્રે રમતગમતમાં કેન્દ્ર સ્થાને બિરાજે તે અમારું સપનું છે. IOA સાથેની અમારી ભાગીદારી રિલાયન્સ ફાઉન્ડેશનની વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ અને તકો દેશભરના યુવા રમતવીરોને સમર્થન અને તેમનું સશક્તિકરણ કરવાની ઊંડી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. અમે ૨૦૨૪માં પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં સૌપ્રથમવાર ઈન્ડિયા હાઉસની યજમાની કરવા માટે પણ ખૂબ જ ઉત્સાહિત છીએ. ઈન્ડિયા હાઉસ ભારતની અપાર પ્રતિભા, ક્ષમતા અને આકાંક્ષાને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવાની ઉત્તમ તક પૂરી પાડશે!"

IOAના સેક્રેટરી જનરલ શ્રી રાજીવ મહેતાએ કહ્યું કે, "ભારતીય ઓલિમ્પિક એસોસીએશન સાથેની આ ભાગીદારી માટે અને ભારતીય રમતોને ટેકો આપવા તથા બાળકોની આગામી પેઢીને ઓલિમ્પિક ચળવળમાં જોડાવા માટે પ્રેરિત કરવામાં વર્ષોથી સતત સમર્થન આપવા બદલ હું રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને શ્રીમતી નીતા અંબાણીનો આભાર માનું છું.

પેરિસ ૨૦૨૪માં ઈન્ડિયા હાઉસ હોવું એ એક મહત્વપૂર્ણ પ્રસંગ હશે. ઓલિમ્પિક ચળવળ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને દોહરાવવામાં આ એક મોટું પગલું છે."

### અસ્થિરતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેઠકો પર વિજય મેળવ્યો હતો. મૌલવી મુક્તદા અલ-સદરની પાર્ટી ઈરાકની સામાન્ય ચૂંટણીઓમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી. પરંતુઈરાકના રાષ્ટ્રપતિ બનવા માટે જરૂરી બહુમત ન મળવાના કારણે મુક્તદા અલ-સદરે સરકાર રચવાની વાતચીતથી અંતર જાળવ્યું હતું. તાજેતરના અહેવાલો પ્રમાણે ઈરાકમાં જે પ્રદર્શનો ચાલી રહ્યા છે તેના પાછળ મૌલવી અલ-સદરના સમર્થકોનો હાથ છે.

### વાયરસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શકે છે." તેમણે જણાવ્યું કે, જે પશ્ચિમ આફ્રિકન સ્વભાવને કારણે છે, જે અગાઉ જે કોંગી પેટર્નનો સામનો કરવામાં આવ્યો હતો તેના કરતા ઓછો ગંભીર છે. ભારતમાં નોંધાયેલા કેસો પણ ઓછા ગંભીર અને પશ્ચિમ આફ્રિકન પ્રકૃતિ સાથે સંબંધિત છે.

EOI દસ્તાવેજ જણાવે છે કે ICMR મંકીપોક્સ રોગ સામે રસી વિકસાવવા અને ટેસ્ટ કીટ માટે સાર્વજનિક-ખાનગી ભાગીદારી મોડમાં સંયુક્ત સહયોગ હેઠળ ઉત્પાદન કાર્ય માટે મંકીપોક્સ વાયરસ ફોર્મ/આઈસોલેટ પ્રદાન કરવા માટે તૈયાર છે.

દસ્તાવેજ જણાવે છે કે ICMR તમામ બૌદ્ધિક સંપદા અધિકારો અને મંકીપોક્સ વાયરસ આઈસોલેટ્સ અને સંબંધિત કાનૂની પ્રોટોકોલ્સ પરના વ્યાપારીકરણ અધિકારો અનામત રાખે છે.

### નોંધાવી શકશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી રહ્યો છે. કોઈપણ નાગરિક કે જે ૧લી એપ્રિલ, ૧લી જુલાઈ અને ૧લી ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ ૧૮ વર્ષનો થઈ રહ્યો છે તે પણ છેલ્લી તારીખ પહેલા મતદાર તરીકે મતદાર આઈડી માટે અરજી કરી શકે છે.

તાજેતરમાં ચૂંટણી પંચની ભલામણો પર કાયદા અને ન્યાય મંત્રાલયે આરપી એક્ટમાં સુધારો કર્યો હતો.

આ ચાર પાત્રતા તારીખો એટલે કે ૦૧ જાન્યુઆરી, ૦૧ એપ્રિલ, ૦૧ જુલાઈ અને ૦૧ ઓક્ટોબર યુવાનોને મતદાર યાદીમાં નામ નોંધાવવાની પાત્રતા તરીકે પ્રદાન કરવામાં આવી છે. અગાઉ માત્ર ૧ જાન્યુઆરીને જ ક્વોલિફાઈંગ તારીખ માનવામાં આવતી હતી.

### સાવધાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં આજે નોંધાયેલા કેસ સાથે એક્ટીવ કેસની સંખ્યા વધીને ૨૦૪ થઈ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સે. ૩ માં એક પરિવારના ૩ સભ્યો, સે. ૮, સે. ૨૬, સે. ૨૧માં એકજ પરિવારના ૨-૨ સભ્યો કોરોનાથી સંક્રમિત થયા છે. શહેરમાં હવે પરિવારો સંક્રમિત થઈ રહ્યાની વિગતોથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૦ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસમાં ૨૯ મહિલા, ૬૦ વર્ષથી વધુ વયના ૮ દર્દીઓનો સમાવેશ થાય છે.

દહેગામમાં ૪ કેસ, ગાંધીનગરમાં ૨૮ કેસ તેમજ કલોલમાં ૨૮ કેસ નોંધાયા છે. ગાંધીનગર અને કલોલમાં કેસોની સંખ્યા વધી છે. આ બે તાલુકાઓનું સામાન્ય જનજીવન અમદાવાદ સાથે વધુ સંકળાયેલુ હોવાથી પણ આ બે તાલુકામાં કેસો વધી રહ્યા હોવાનું એક તારણ તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

દહેગામ તાલુકામાં વટવા, ધારીસણા, મામાપરા અને વાસણા ચૌધરી ગામેથી કેસો મળ્યા છે. દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો ઝડપથી મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર તાલુકામાં રૂપાલ ગામેથી ૫, સોનીપુરમાંથી ૩, ઉવારસદમાંથી ૪ કે, છાલા, આદરજ અને ભોંયણ રાઠોડ ગામેથી ૨-૨ કેસ તેમજ શેરથા, જાખોરા, મહાદેવપુરા, માતાપુરા, મહુન્દ્રા, ઉનાવા અને તારાપુર ગામેથી કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં કલોલ અર્બનમાંથી ૪ કેસ મળ્યા છે. તો નારદીપુર ગામેથી એક જ દિવસમાં નવ કેસ મળતાં તંત્ર પણ ચોંક્યુ છે. કોરોના માટે હોટસ્પોટ બનેલ ડિંગુચામાંથી આજે વધુ પાંચ કેસ મળ્યા છે. ગોલથરામાંથી ૨ કેસ ઉપરાંત નવા, પલિયડ, ભાદોલ, નારોલ, પાનસર, પલોડિયા, વાસણા અને સઈજ ગામેથી કેસો મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસ સાથે જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા વધીને ૨૪૩ થઈ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ પાંચ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૧૪ હજારથી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

### ઈમ્પેક્ટ ફી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહાનગરપાલિકા વચ્ચે અટવાયેલો રહ્યો હતો. અલબત્ત ગાંધીનગરમાં ઈમ્પેકટ ફી ની યોજના અન્વયે કોઈ કામગીરી થઈ ન હતી જેના લીધે નગરજનોને પણ આ મામલે અન્યાય થયો હોવાની લાગણી પ્રબળ બની હતી પરંતુ હાલ સરકાર દ્વારા ઈમ્પેકટ ફી વસુલીને બાંધકામને નિયમિત કરવા માટે હિલચાલ હાથ ધરવામાં આવી છે. આવા સંજોગોમાં ગાંધીનગર આ મામલે બાકાત ન રહે તે માટે પણ પ્રબળ રજુઆતો કરવામાં આવી છે. મહામંડળના પદાધિકારીઓ ભાનુભાઈ દવે, પ્રદિપ સોલંકી, દિનેશસિંહ ચાવડાએ આ અંગે રજુઆતમાં જણાંવ્યુ છે કે ગેરકાયેદેસર ગણાંતા બાંધકામ સંદર્ભે અગાઉ ઈમ્પેકટ ફી ઉઘરવામાં આવી છે જેનો અમલ થાય તે પણ અનિવાર્ય છે. ગત વર્ષોમાં જયારે આ ઈમ્પેકટ ફી ની અમલવારી કરવા માટે ગાંધીનગરમાં અભિયાન હાથ ધરાયુ હતુ ત્યારે ઘણાં અરજદારોએ ફોર્મ ભરપાઈ કર્યા હતા જયારે આ ફોર્મ પણ આ વર્ષે માન્ય રાખવા પણ જરૂરી પગલા લેવાય તેમ પણ મહાનગરપાલિકા , ગુડા તેમજ જિલ્લા કલેકટરને રજુઆતમાં જણાંવાયુ છે.

### વિવાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બપોરે ૧૨ વાગ્યા પછી તરત જ મુલતવી રાખવામાં આવ્યું ત્યારે સોનિયા ગાંધી ટ્રેઝરી બેન્ચ તરફ ગયા હતા અને ભાજપના સભ્ય રમા દેવી પાસેથી જાણવા માંગ્યું કે તેમને આ મુદ્દામાં શા માટે ખેંચવામાં આવ્યા હતા. ત્યારે સ્મૃતિ ઈરાની વચ્ચે પડ્યા હતા અને સોનિયા ગાંધી તરફ ઈશારો કરતા જોવા મળ્યા હતા. તેઓ દેખીતી રીતે ચૌધરીની ટિપ્પણીનો વિરોધ કરતા જોવા મળ્યા હતા. કોંગ્રેસ અધ્યક્ષે પહેલા તો ઈરાનીના વિરોધને અવગણવાનો પ્રયાસ કર્યો, પરંતુ ટૂંક સમયમાં જ તેઓ તેમની તરફ ઈશારા કરતા અને ગુસ્સામાં બોલતા જોવા મળ્યા હતા.

નાણા મંત્રી નિર્મલા સિતારમણે દાવો કર્યો હતો કે, સોનિયા ગાંધીએ ભાજપના એક સભ્યને તેમની સાથે વાત ન કરવાનું કહ્યું હતું. જોકે, કેન્દ્રીય મંત્રીએ સોનિયા ગાંધીએ કોને વાત કરવાની ના પાડી હતી તે ભાજપના નેતાનું નામ જણાવ્યું ન હતું.